જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૫/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૧૭૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

બીનવારસી ભ્રુણ મળી આવ્યુઃ– **સમાચાર યાદી નં.૬૪૫/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ તા.૦૬/૦૫/૨૦૨૬ ના કલાક ૦૦/૦૫ વાગ્યા પહેલા મેમનગર સુભાષ ચોક ગોકુળ એપાર્ટમેન્ટની બાજુમા પૂજન હોસ્પીટલ આગળ રોડની સાઈડમા એક નવજાત મૃત ભ્રુણ બીનવારસી ત્યજી દીધેલ હાલતમાં વસ્ત્રાપુર પોલીસને મળી આવતા અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૪૬/૨૦૨૬**

નરોડાઃ અમરસિંહ દેવુજી ગોહીલ (ઉ.વ.૬૮)(રહે.મંગલાગૌરી રેસીડેંન્સી, પંચાલ વાડી સામે, નવા વાડજ) એ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાની પત્નિને એક્ટીવા પાછળ બેસાડી નરોડા ન્યુ શાહીબાગ મંગુબાના ફાર્મ આગળથી પસાર થતા હતા ત્યારે એક સ્પીફ્ટ ગાડીના ડ્રાઇવરે અમરસિંહને સરનામુ બતાવાના બહાને ઉભા રાખી, તેની બાજુની સીટમાં બેસેલ નાગા બાવાએ અમરસિંહ સાથે વાતચીત કરી તેમના ડાબા હાથમાં પહેરેલ કાંડા ઘડીયાળ તથા મોબાઇલ માંગી લઈ બાદમા પરત આપી અમરસિંહને વિશ્વાસમા લઈ, તેમના ગળામા પહેરેલ સોનાની રૂદ્રાક્ષની મગમાળા કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/– અને જમણા હાથમાં પહેરેલ સોનાની વીંટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– માંગી લઈ પરત નહી કરી નાસી જઈ અમરસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

ક્રાઇમબ્રાંચઃ રોનકભાઇ ધર્મેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૩૨)(રહે.આદર્શ ટેનામેન્ટ લલીતા સોસાયટી સામે ઇસનપુર) એ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૧ થી તા.૦૪/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર દુકાન ન્યુ કલોથ માર્કેટ માળીયુ દુકાન નંબર–૨૦૧ ખાતે રોનકભાઇ તેમજ અન્ય સાહેદ વેપારીઓ પાસેથી જથ્થાબંધ શર્ટીંગ કાપડની ઉધારીમાં ખરીદી કરીને માલનુ પેમેન્ટ ૩૦ થી ૯૦ દિવસમાં ચુકવી દેવાનો ભરોસો આપી, વાયદા મુજબ પેમેન્ટ નહિ આપી કાપડના બાકી લેણા રૂપિયા ૫૯,૬૭,૬૨૮/- આજદીન સુધી નહિ ચુકવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.મજીઠીયા, આર્થિક ગુના નિવારણ શાખા, ક્રાઇમ બ્રાન્ચ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૪૭/૨૦૨૬**

દાણીલીમડાઃ મોહમ્મદઅશરફ સ/ઓ મોહમ્મદઅસલમ અંસારી (રહે.આઇશા ફલેટ, અલઅમન પાર્ક, અમન સ્કુલની બાજુમાં ગુલમહોર રોડ, બેરલ માર્કેટ દાણીલીમડા) એ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૬ સવારના ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બારીમાંથી અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) રોકડ રૂપિયા ૨૦,૦૦૦/ (૨) ચાંદીની ચેઇન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– (૩) ચાંદીના પગમાં પહેરવાના બિછીયા કિંમત રૂપિયા ૧૫૦૦/– (૪) કાંડા ઘડીયાળ નંગ–૨ કિંમત રૂપિયા ૧૦૦૦/– (૫) મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૯૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૧,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૪૮/૨૦૨૬**

નવરંગપુરાઃ જીવન સખારામ ગોલે (ઉ.વ.૬૪)(રહે.સહકાર ભારતી ગુજરાત સંસ્થા ચિત્રા અમી એપાર્ટમેંટ આશ્રમ રોડ) એ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૪/૨૦૨૬ થી તા.૨૭/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આશ્રમ રોડ ખાતે ચિત્રા અમી એપાર્ટમેંટમા આવેલ "સહકાર ભારતી ગુજરાત સંસ્થા" ખાતે રસોઈ બનાવવાની નોકરી કરતા મોનુરામ સતપાલ (રહે.મંસુરપુર મુઝ્ઝફરનગર ઉત્તરપ્રદેશ) એ સંસ્થાના રૂમમા પડેલ ટેબલના ખાનામાંથી ચાવી લઈ કબાટનુ તાળુ ખોલી કબાટમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૪૯/૨૦૨૬**

"એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ સુખદેવ સ/ઓ ઘાના જાતે–કોટેડ (ઉ.વ.૩૭)(રહે.રત્નકર બિલ્ડરની કોલોનીમાં, બસરા પાર્ટી પ્લોટની બાજુમાં આંબલી સરખેજ) તા.૦૬/૦૫/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે વકીલ સાહેબ બ્રીજના દક્ષીણ છેડા પાસે સરસ્વતી હોસ્પીટલ તરફ જતા રોડ ઉપર પગપાળા ચાલીને રોડ ક્રોસ કરતા હતા ત્યારે શાંતીપુરા થી શીલજ તરફ જતા એક ટ્રક નંબર– આરજે.૨૨.જીએ.૪૧૦૮ ના અજાણ્યા ચાલકે પોતાના કબ્જાનો ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી સુખદેવ કોટેડને ટક્કર મારતા શરીરે ગંભીર ઇજાઓ થતા સુખદેવ કોટેડનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણજનાર સુખદેવ કોટેડના નાના ભાઇ દિનેશ સ/ઓ ઘાના જાતે–કોટેડ નાઓએ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સૈયદ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૫૦/૨૦૨૬**

ખાડીયાઃ હિતેશ કપુરારામ ઘાંચી (ઉ.વ.૧૯)(રહે, બાવળીયાનો ખાંચો, શામળાની પોળ, આસ્ટોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ત્રિજા માળે આવેલ રૂમમા પોતાની જાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

નારોલઃ અર્જુન સાર્જીંદર ગૌતમ (ઉ.વ.૨૧)(રહે.પંચાણુવાસ, હનુમાનજીના મંદિરની લાઈનમાં, પીપળજ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૬ રાતના ૮/૫૫ વાગ્યા પહેલા રહેણાંક ભાડાના મકાનમાં પંખાની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી